सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૧ | ઓકટોબર ૨૦૦૦ | અંક ૨

## વાલીઓને......

બહુ ટૂંકા ગાળામાં કોમ્પ્યુટરે આપણા જીવનમાં અત્યંત મહત્વનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. ભવિષ્યમાં કોમ્પ્યુટર ખૂબ મહત્વનો ભાગ ભજવશે તેવો ખ્યાલ તો હતો પરંતુ આવી ઝડપે અને આટલા વ્યાપમાં તે પ્રસરશે તેવું ધાર્યા કરતાં ઝડપથી બન્યું છે.

આ સંસ્થામાં છેલ્લા પાંચ-છ વર્ષથી કોમ્પ્યુટર દાખલ કરવામાં આવ્યું છે તે આપ જાણો છો. શ્રેણી ૧ થી ૪નાં વિદ્યાર્થીઓ માટે આ વિષય શિક્ષણનાં ખૂબ ઉપયોગી સાધન તરીકે પૂરવાર થયો છે. એટલે કે આ વિદ્યાર્થીઓ માટે" કોમ્પ્યુટર " શીખવા કરતાં પણ વધારે અગત્યનું કોમ્પ્યુટર દ્વારા શિક્ષણ મેળવવું તે છે. હકીકતમાં સાવ નાની ઉંમરે કોમ્પ્યુટર ઉપર બેસવાનો એક રોમાંચ તો તેમનામાં જોવા મળે છે આ વિષય માટેનો તેમનો થનગનતો જે ઉત્સાહ જોવા મળે છે તેમજ વિવિધ સોફટવેર દ્વારા તેઓ જુદા-જુદા વિષયોમાં જ્ઞાન મેળવે છે તે જોતાં આનંદ થાય છે. શાળા પણ આ માટે જે કોઈ નવા સોફટવેર પ્રાપ્ય હોય તે આપવાનો સતત પ્રયત્ન કરે છે. આ વિદ્યાર્થીઓ અનાયાસે અંગ્રેજી સાથે પણ સુપરિચિત થાય છે તે અંગે હું આ પહેલાં શારદમાં જણાવી ગયો છું.

શ્રેણી ૫,૬,૭, માટે કોમ્પ્યુટરની ટેકનીકલ ટ્રેનીંગની ઠીકઠીક શરૂઆત થાય છે અને સાથે સાથે જુદા-જુદા સોફટવેર વડે અભ્યાસક્રમના જે વિષયો છે તેની તૈયારી પણ કોમ્પ્યુટર દ્વારા કરાવવામાં આવે છે અને આ વિષયો દ્રઢિભૂત થાય છે.

અમે એક કોમ્પ્યુટર ઉપર એક સાથે બે થી વધુ વિદ્યાર્થીઓ ન બેસે તેનો આગ્રહ રાખ્યો છે અને આ રીતે ત્રીસેક પેન્ટીયમ કક્ષાના કોમ્પ્યુટર વડે આખા કલાસને તાલીમ આપી શકાય તેવી વ્યવસ્થા ગોઠવી શકયા છીએ. કોમ્પ્યુટરના શિક્ષણને શાળામાં શિખવાના વિષયોના માળખામાંથી અલગ કરીને કોમ્પ્યુટરનો એક સાવ અલગ વિભાગ જ ઉભો કરવામાં આવ્યો છે વળી સંસ્થાનો અભિગમ માત્ર આ શાળાનાં હાલ અભ્યાસ કરી રહેલાં વિદ્યાર્થીઓ પૂરતો જ મર્યાદિત ન રાખતાં તેને વિસ્તારવાનો છે. આગળ ઉપર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને જરૂરિયાત જેમને હોય તેવા વાલીઓને માટે પણ કોમ્પ્યુટર શીખવવાની કલ્પના અમારા મનમાં છે. આ માટે શાળા સમયનાં ગાળા સિવાય સવારે કે સાંજે આ વ્યવસ્થા ગોઠવવાનું અમે વિચારી રહયા છીએ.

કોમ્પ્યુટરનું જ્ઞાન સૌને માટે વધુ ઓછા પ્રમાણમાં મહત્વનું છે અનેક ક્ષેત્રમાં કોમ્પ્યુટરની કોઈ અનિવાર્ય જરૂરીયાત આપણા માટે ઉભી થશે તેવો વિચાર પણ કરીએ તે પહેલાં તેણે પોતાનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. આવતી પેઢી આ માટે સક્ષમ રીતે તૈયાર થાય તેવા અમારા પ્રયત્નો પણ છે. તમારો સાથ અમને મળ્યો છે તેનો આનંદ વ્યકત કરું છું. સતત હરણફાળ ભરતા વિષય સાથે આવતી પેઢી કદમ તાલ મિલાવે તે જોવું જ રહ્યું.

દિનુભાઈ દવે
ના વંદન

## સ્મૃતિ ચિત્રો

(ઘણીવાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે જૂનાં સંસ્મરણો વાગોળવાનો પ્રસંગ આવે ત્યારે તેમના તરફથી અનેકવાર સૂચન થતું અને માંગણી આવતી કે આ બધું લખો તો સારું આ બધું એક સાથે લખવાનું ન બને ત્યાં સુધી આ રીતે સ્મૃતિચિત્રો સ્વરૂપે પ્રસંગો આપવાની શરૂઆત કરતાં આનંદ થાય છે.) - **દિનુભાઈ**

વહેલી સવારે અમારી સ્પેશિયલ ટ્રેન તીરૂનલવેલી પહોંચી. અમે જેવા પ્લેટફોર્મ ઉપર ઉતર્યા કે એક વિદ્યાર્થીને લઈને બે-ચાર તેના સાથીદારો આવ્યા. અને કહ્યું કે તેને પેટમાં સખત દુઃખે છે તેનાં મોં સામે જોતાં જ લાગ્યું કે તેને અસહ્ય દુઃખાવો છે એટલે તાત્કાલિક ટેકસી કરીને દવાખાને લઈ જવા અમે નીકળ્યાં. સ્ટેશનથી થોડાંક કિ.મી. દૂર તીરૂનલવેલી મેડીકલ કોલેજ છે તેવી જાણ થતાં ત્યાં લઈ જવું યોગ્ય છે તેમ વિચાર્યું. અમે તેને તપાસવા માટે ત્યાં લઈ ગયા. કેસ પેપર કઢાવી તેની તપાસ કરાવી તો રીપોર્ટ આવ્યો કે અત્યંત ભયજનક અવસ્થા છે અને તાત્કાલિક એપેન્ડીકસનું ઓપરેશન કરવાની સલાહ આપવામાં આવે છે.

તેનાં માતા-પિતા અમદાવાદ હતાં એટલે માહિતી આપીને આ અંગેનો નિર્ણય તેમની સલાહ મુજબ લેવો તેવું વિચારી તેમનો સંપર્ક સાધવા પ્રયત્ન કર્યો. પરંતુ આજથી ૨૫ વર્ષ પહેલાં સંદેશા વ્યવહારનાં સાધનો આજનાં જેવા ન હતાં,તેમનો સંપર્ક ન જ થઈ શકયો. અંતે વાલી તરીકે મેં ઓપરેશન પેપર ઉપર સહી કરીને ઓપરેશન કરાવવા માટેની મંજૂરી આપી દીધી. ઓપરેશન સમયે અમારી સાથે જ પ્રવાસ કરી રહેલાં ડો.મધુભાઈ ઓપરેશન થીયેટરમાં હાજર હતાં. ઓપરેશન પૂરું થયાં પછી બહાર આવીને તેમણે મને એટલું જ કહ્યું કે આપણને બહુ જ સમયસર મદદ મળી ગઈ. ડો.હરીહરન એક સારા સર્જન તો હતાં જ પરંતુ અત્યંત માનવીય અભિગમ ધરાવતાં એક સહૃદયી ડોકટર હતાં. આવા નિર્ણય બદલ મને બીરદાવતાં તેમણે કહ્યું કે તમે સારો નિર્ણય લીધો છે. ઓપરેશન બાદ પ્રવાસ આગળ ગયો ત્યારે પણ જ્યાં સુધી તેમનાં માતા-પિતા ન આવ્યા ત્યાં સુધી ડો.મધુભાઈ,સુરેશભાઈ અને રમણભાઈ હોસ્પીટલમાં જ તે વિદ્યાર્થીની સાથે રહયાં.

જીંદગીમાં કેટલીક પળો આકરાં નિર્ણય લેવાની આવે છે. સાચો નિર્ણય લેવાની શક્તિ શુભ ભાવના હોય તો ઈશ્વર આપણને આપી રહે છે તેવો મને અનેક વખત અનુભવ થયો છે. આ પ્રસંગ મને ઘણી વખત યાદ આવ્યો છે. અને ઈશ્વર કેવી મદદ કરે છે તે યાદ આવતાં ગદ્ગદિત થઈ જવાય છે. જેનું ઓપરેશન કરાવ્યું હતું તે ભાઈ પ્રેરક આજે પોતે ડોકટર છે અને જ્યારે મળીએ ત્યારે આ પ્રસંગ અમે યાદ કરીએ છીએ. પ્રેરકના પિતાશ્રી કીર્તિભાઈએ ૫-૧૨-૧૯૭૮ના રોજ મને લખેલો પત્ર મારા માટે બહુ મોટી મૂડી છે. તેઓ લખે છે " Let me have an opportunity to express my hearty thanks as father of Prerak and a charter member of LIONS CLUB ( INTERNATIONAL) OF AMBAWADI, AHMEDABAD UNIT that the Principal Shri Dinubhai Dave who has taken the timely decision and the risk of operation and signed honestly for the same in my absence with all his fatherly love and duty. It is understood that, had there been further delay the consequences would have been turned to the worst.

તેમણે આટલી જ લાગણીથી ડો.મધુભાઈ , શ્રી સુરેશભાઈ અને શ્રી રમણભાઈનો આભાર માન્યો છે.

## 'બાળકની ઉપેક્ષા કરીશું તો અપેક્ષા ક્યાંથી રાખીશું ?'

" બેન ! મારી મમ્મીને ફોન કરોને ! મને પેટમાં ખૂબ દુઃખે છે "

" કેમ પેટમાં દુઃખ્યું ? શું ખાધું હતું પ્રિયંકા ? સવારે દુઃખતું હતુ ? .... તું સ્કુલમાં કેમ આવી ? "

રડતી પ્રિયંકાને જોઈ મારાથી એકાએક પ્રશ્નો પૂછાઈ ગયાં.

" ના બેન, સવારે તો મને કશું જ નહોતું થતું... પણ મોટી રીસેસમા મેં આચરકૂચર ખાધું ને એટલે દુઃખવા માંડયું. "

" બેન ! નાસ્તામાં તો હું શણગાવેલાં મગ લાવી હતી... મને મગ બહુ જ ભાવે છે, અને મમ્મી કહે છે મગ સારા પણ ખરા, તેનાંથી સારું પોષણ મળે, પણ મારી બેનપણીઓને તે બહુ ભાવે છે એટલે એ લોકોએ મગ ખાધાં અને મેં એ લોકોનાં રફલ્સ ખાધાં... આજકાલ તો બધાં રફલ્સ બહુ લાવે છે ને !"

" રફલ્સ ? એ વળી શું ? "

" બેન ! પેલી ચળકતી કોથળીઓમાં તળેલી કાતરી નથી આવતી? કેટલા બધાં છોકરાંઓ એ લઈને આવે છે ?... કેટલાક તો વળી ટાઝો માટે ય આવા રફલ્સ જ ખરીદે છે બેન ! "

પ્રિયંકાની આ વાત સાંભળી મારા મનમાં અનેક પ્રશ્નોની હારમાળા ચાલી. શું આ માબાપોને તેમના સંતાનોના આરોગ્ય માટે ફીકર નહીં હોય? આ ઉંમરે તેમનો સારો વિકાસ થાય તે માટે તેમને પૌષ્ટિક ખોરાકની કેવી મોટી જરૂરીઆત છે તેનો તેમને ખ્યાલ નહીં હોય ?વિદ્યાર્થીકાળ દરમ્યાન તો શારીરિક શ્રમ સાથે માનસિક શ્રમ પણ ઘણો બધો પડે અને ત્યારે કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન અને વિટામીનયુક્ત ખોરાક કેટલો બધો જરૂરી છે તેની તેમને સમજ હશે ખરી ?... કે પછી સ્વાદને જ પ્રાધાન્ય અપાતું હશે !... " મોંને કડવું લાગે પણ પેટને મીઠું લાગે 'એ સત્યની ય તેમને ખબર હશે ખરી ! આ બાળકોએ મોટા થતાં તો તેમનાં આરોગ્યની કાળજી તેમણે પોતે જ રાખવાની છે, માબાપ તો કયાં સુધી એ ધ્યાન રાખી શકશે ! અને એટલે જ નાનપણથી એ માટે તેમને જાગૃત નહીં કર્યા હોય તો મોટા થતા પણ તેઓ આવું આચરકૂચર ખાઈને જ પેટ ભરશે અને આગળ જતાં મોટી માંદગીમાં સપડાશે તો ! ' પહેલું સુખ તે જાતે નર્યા ' જીવનનું એ સૌ પ્રથમ સનાતન સત્ય છે એ આ શિક્ષિત માબાપો કેમ ભૂલી જતાં હશે !

અરે ! હમણાં જ એક વિદ્યાર્થીના પપ્પા આવ્યાં ' મારો દિકરો નાસ્તાનો ડબ્બો ભૂલી ગયો છે, સ્કુલ છૂટી ગઈ હતી. વર્ગો ખાલી થઈ ગયાં હતાં, એટલે વર્ગમાં ગયાં ને ચળકતી કોથળી લઈને આવ્યાં.. ' મળી ગયો..એનો નાસ્તો..આ તો બાકી હતો ને એટલે ! ' .. અને એ જોઈ હું ઘડીભર સ્તબ્ધ બની ગઈ.

બારોબાર જ બજારમાંથી કયાંતો બાળક રફલ્સની કોથળી ખરીદી લે છે ને કયાં તો માબાપ જ તે ખરીદીને આપે છે. અંદર અડધાથી યં વધુ હવા ભરેલી હોય એ મોટી દેખાતી કોથળીમાં કેટલી કાતરી હોય છે એ માબાપ ડબ્બો ભરવાની ય મહેનત કરે તો સમજાય ને ! અને ડબ્બો ભરે તો જ ખ્યાલ આવે ને કે આખો દિવસ આટલો શારીરિક અને માનસિક શ્રમ લેતા મારા સંતાન માટે આવો અને આટલો નાસ્તો યોગ્ય છે ? પૂરતો છે ? આપણાં જ સંતાન માટે આપણે રસ લઈને આટલી ય મહેનત નહીં કરીએ તો એ નવી પેઢી માંયકાંગલી નહીં રહે !... એની પાસે પછી આપણે શું અપેક્ષા રાખી શકીશું ? કેરી જેવા મીઠા ફળ ખાવા હોય તો આંબો વાવી તેને ઉછેરવાની મહેનત પણ કરવી પડે. જેની ઉપેક્ષા કરીએ તેની પાસેથી આપણે અપેક્ષા કયાંથી રાખીશું !!

**ઊર્મિલા શાહ**

## સંસ્થાકીય સમાચાર

### બાલવાડી અને બાલમંદિર

બાલવાડીમાં બાળકો હવે ખૂબ સરસ રીતે ગોઠવાઈ ગયાં છે. જ્ઞાનેન્દ્રિયોનાં શિક્ષણનાં ઓરડામાં તેઓ શૈક્ષણિક સાધનો સાથે રસપૂર્વક રમે છે, રંગોની ઓળખ, ભૌમિતિક આકૃતિઓ, અવાજ વિગેરેનો પરિચય મેળવે છે. બાળકને વાર્તામાં ખૂબ રસ પડે છે. શ્રાવ્ય સાથે દશ્ય માધ્યમનો સુમેળ સધાય અને બાળકો વાર્તાને વધુ માણી શકે તે માટે બાલવાડી માટે સુંદર પપેટ તૈયાર કરવામાં આવ્યા છે અને એ પપેટ વડે તેમની સમક્ષ મગર અને વાંદરાની વાત રજૂ કરી ત્યારે તો તેઓ રસપૂર્વક તેમાં તન્મય થઈ ગયાં. હવે તો તેમને પણ વાર્તા કહેવાનું મન થઈ જાય છે અને કેટલાક બાળક તો ખૂબ સરસ રીતે વાર્તાકથન કરે છે. બાલવાડીનાં બાળકોને આમ ખીલતાં, કિલ્લોલતાં અને પાંગરતાં જોવા એ પણ એક લહાવો છે.

**બાલમંદિર :** તા. ૧૪-૮-૨૦૦૦નાં રોજ તાલીમ વિભાગનાં બાળકોએ રક્ષાબંધનનો ઉત્સવ ઉજવ્યો. બહેનોએ ભાઈઓને હાથે રક્ષા બાંધી. મોં મીઠું કરાવ્યું. બલિરાજાની વાર્તા બાળકોને કહેવામાં આવી. બાળકો ભાવવિભોર બનીને આવી વાર્તાઓ સાંભળે છે.

તા.૧૯-૮-૨૦૦૦ને શનીવારે તાલીમનાં બાળકોએ કૃષ્ણજન્મ ઉત્સવ ઉજવ્યો. કૃષ્ણજન્મ, માખણચોર કનૈયો, જળકમળ વિ. પ્રસંગો ભાવવાહી રીતે નૃત્યનાટિકા સ્વરૂપે રજૂ થયાં. " જશોદા તારા કાનુડાને સાદ કરીને વાર રે " બેન આનતિનો ભાવવાહી સુમધુર સ્વર અને બાળકોનો ભાવસભર અભિનય જાણે ગોપીઓની ફરિયાદને આબેહૂબ રીતે રજૂ કરતું દશ્ય ખડું થયું હતું. પ્રભાવતી અને જશોદાનું, કંસનું પાત્ર ખૂબ સરસ રીતે ભજવાયું. " વનરાવનમાં વ્હાલો મારો વાંસળી વગાડે રે" રાસની એ રમઝટ અનેરી હતી. ' નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી ' બાળકોની આ ધૂનથી આખુંય વાતાવરણ આનંદથી ગાજી ઉઠયું. આવા ઉત્સવો બાળકોમાં અનેરો પ્રાણ રેડે છે.

**નવરાત્રી મહોત્સવ :** નવરાત્રી નિમિત્તે નવ દિવસ સુધી રોજ ગરબાની રમઝટ ચાલી. બેન આનતિ અને સાથીદાર બહેનોએ સુમધુર સ્વરે રોજ વિવિધ ગરબા ગાયાં જેની સાથે સુંદર અને રંગબેરંગી ચણીયાચોળી અને ઓઢણીમાં સજ્જ થયેલ નાનકડી બાળાઓ લયબધ્ધ અને હલકભરી રીતે ઉત્સાહભેર ગરબે ઘૂમી. આખું ય વાતાવરણ મા શક્તિની ભક્તિથી ભર્યું ભર્યું બની ગયું. રોજ કાર્યક્રમને અંતે રજૂ થતી આરતીમાં બાળકો ભાવસભર રીતે તન્મય થઈ જતાં હતાં. બાળકમાં અનેરી ભાવના હોય છે. પ્રારંભમાં થતી મા અંબેની ધૂન પણ એક વાતાવરણ ખડું કરી દેતી હતી. ગુજરાતને ગરબો ગળથૂથીમાંથી મળે છે એ હકીકત અહીં સ્પષ્ટ રીતે વરતાતી હતી. સ્વર, લય પગની ઠેસ અને અંગમરોડનો જાણે એમાં સુમેળ સધાતો હતો.

તા.૯-૯-૨૦૦૦ને શનીવારે બ વિભાગનાં બાળકો 'મીની ઝૂ'ની મુલાકાતે ગયાં. નાનાં બાળકોને પ્રાણીઓની દુનિયામાં મહાલવું ખૂબ ગમે છે.

### શિશુમંદિર

**સ્થાપનાદિન :** તા. ૬-૮-૨૦૦૦, શ્રાવણ સુદ સાતમનાં રોજ સંસ્થાનો સ્થાપના દિન ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો. ભાવવાહી શબ્દો અને સ્વર સાથે મા શારદાની પ્રાર્થના પછી નિયામક શ્રી દિનુભાઈએ સૌ મહેમાનોનું ભાવભર્યું સ્વાગત કર્યું.બાળકોએ રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ થઈ હાથમાં ધજા અને ફૂગ્ગા લઈ મંગલકૂચ કરી. બાળકોથી બનેલાં રથમાં બાલરથીની સવારી આવી પહોંચી. સંસ્થાના વાલી અને જાણીતાં સંગીતજ્ઞ રાસબિહારીભાઈ દેસાઈ મુખ્ય અતિથિ હતાં, તેમણે કુંકુમ

અક્ષતથી ભાવસભર રીતે બાલપૂજન કર્યું. બાલપૂજન એ શારદામંદિરની આગવી લાક્ષણિકતા છે. બાળક હંમેશા સંસ્થાનાં કેન્દ્રસ્થાને જ રહયું છે. શ્રી રાસબિહારીભાઈએ સંસ્થાની પ્રગતિને બિરદાવી, ત્યારબાદ 'એવો આવે છે શારદાનો સાદ રે' ગરબો રજૂ થયો. અંતમાં રાષ્ટ્રગીત પછી કાર્યક્રમ સમાપ્ત કરવામાં આવ્યો.

**કૃષ્ણજન્મ મહોત્સવ :** તા.૧૯-૮-૨૦૦૦નાં રોજ કૃષ્ણજન્મ મહોત્સવ નિમિત્તે વિવિધ રાસ ગરબા ધૂન અને કૃષ્ણજીવનનાં પ્રસંગો બાળકોએ ખૂબ ભાવવાહી રીતે રજૂ કર્યાં.

**મહાવીર જન્મ :** તા.૩૦-૮-૨૦૦૦નાં રોજ મહાવીર જન્મ વાંચન નિમિત્તે જૈન સ્તવનોનો કાર્યક્રમ યોજાયો.

**ટ્રાફિક સલામતિ કાર્યક્રમ :** તા.૧૦-૯-૨૦૦૦નાં રોજ વેસ્ટર્નઈન્ડીયા ઓટોમોબાઈલ્સ એસોસિયેશનનાં ઉપક્રમે પ્રો.ભટ્ટે ધોરણ ૭ નાં કેટલાક બાળકોને અઢી કલાક સુધી સ્લાઈડનાં નિદર્શન સાથે વાહનવ્યવહાર અંગે ખૂબ જરૂરી અને ઉપયોગી માર્ગદર્શન આપ્યું.

તા.૧૫-૯-૨૦૦૦નાં રોજ વનસ્પતિની વિશેષ ઓળખનો કાર્યક્રમ શાળાનાં પ્રાંગણમાં યોજવામાં આવ્યો. અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી યોજાયેલ આ કાર્યક્રમ બાળકો માટે ખૂબ જ્ઞાનસભર નિવડયો.

**નવરાત્રિ :** તા.૩૦-૯-૨૦૦૦નાં રોજ નવરાત્રિ નિમિત્તે ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ થઈ બહેનોએ વિવિધ ગરબા રાસ હીંચ વગેરે રજૂ કર્યાં. આખું ય વાતાવરણ ઉત્સાહભર્યું બની રહયું.

તા.૧૨-૮-૨૦૦૦નાં રોજ ધોરણ ૩ અને ૪નાં વિદ્યાર્થીઓ માટે રાખડી સ્પર્ધા યોજાઈ. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર કલાત્મક રાખડીઓ બનાવી.

## આંતરગૃહ સ્પર્ધાઓ :-

**રાષ્ટ્રધ્વજ સ્પર્ધા :** તા.૧૧-૮-૨૦૦૦

| | | |
|---|---|---|
| પ્રથમ | મિહિર રાવલ | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | મિલિન્દ પારેખ | ( રત્નદીપ ) |
| તૃતીય | ધ્રુમિલ શાહ | ( ગંગોત્રી ) |

**રાખડી સપર્ધા :** તા.૧૧-૮-૨૦૦૦

| | | |
|---|---|---|
| પ્રથમ | જીનલ સુરતવાલા | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | સલોની શાહ | ( મેઘનાદ ) |
| તૃતીય | શિવાંગી ટંકશાળી | ( ધવલગિરિ ) |

**પારણા સ્પર્ધા :** તા.૧૮-૮-૨૦૦૦

| | | |
|---|---|---|
| પ્રથમ | હેત ત્રિવેદી | ( મેઘનાદ ) |
| દ્વિતીય | જયાયસી દેસાઈ | ( ગંગોત્રી ) |
| | જીનલ સુરતવાલા | ( ધવલગિરિ ) |
| | આનલ ભગત | ( ગંગોત્રી ) |
| તૃતીય | ભૂયસી દેસાઈ | ( રત્નદીપ ) |
| | હિરલ ખત્રી | ( ગંગોત્રી ) |
| | આત્મન્ ફોજદાર | ( ધવલગિરિ ) |

**પંચાજીરી સ્પર્ધા :** તા.૧૮-૮-૨૦૦૦ ( સ્વાદ )

| | | |
|---|---|---|
| પ્રથમ | કેવલ મોદી | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | પ્રિયલ શાહ | ( રત્નદીપ ) |
| તૃતીય | કુશલ ઓઝા | ( મેઘનાદ ) |
| | નમન મહેતા | ( ગંગોત્રી ) |

(સુશોભન)

| | | |
|---|---|---|
| પ્રથમ | હાર્દ શાહ | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | કેવલ મોદી | ( ધવલગિરિ ) |
| | નેમિલ શાહ | ( મેઘનાદ ) |
| તૃતીય | નમન મહેતા | ( ગંગોત્રી ) |
| | યેશા વોરા | (રત્નદીપ) |

**ગણેશમૂર્તિ સ્પર્ધા :** તા. ૩૧-૮-૨૦૦૦

| | | |
|---|---|---|
| પ્રથમ | સ્તુતિ વોરા | ( મેઘનાદ ) |
| દ્વિતીય | હર્ષિન નાગોરી | ( ધવલગિરિ ) |
| | મનાલી ત્રિવેદી | ( ધવલગિરિ ) |
| | દર્શિની ત્રિવેદી | ( રત્નદીપ ) |
| તૃતીય | શૈલી ઠાકોર | ( મેઘનાદ ) |
| | મિહિર રાવલ | ( ધવલગિરિ ) |
| | વિસ્મય શાહ | ( ગંગોત્રી ) |

**નંદાવ્રત સાથિયા સ્પર્ધા :** તા. ૩૧-૮-૨૦૦૦

| | | |
|---|---|---|
| પ્રથમ | હાર્દ શાહ | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | પ્રિયલ શાહ | ( મેઘનાદ ) |
| | સ્તુતિ ચાલીસહજાર | ( મેઘનાદ ) |
| તૃતીય | આત્મન્ ફોજદાર | ( ધવલગિરિ ) |
| | હાર્દિક શાહ | ( ગંગોત્રી ) |
| | પાર્થ પટેલ | ( રત્નદીપ ) |

**હિન્દી સુલેખન સ્પર્ધા :** તા.૧૪-૯-૨૦૦૦

| | | |
|---|---|---|
| પ્રથમ | મિલિન્દ પારેખ | ( રત્નદીપ ) |
| દ્વિતીય | વૈશલ દલાલ | ( રત્નદીપ ) |
| | દક્ષા શાહ | ( ધવલગિરિ ) |
| તૃતીય | સિધ્ધિ ચોકસી | ( મેઘનાદ ) |
| | જીનલ સુરતવાલા | ( ધવલગિરિ ) |

**હિન્દી નિબંધ સ્પર્ધા :** તા.૧૪-૯-૨૦૦૦

| | | |
|---|---|---|
| પ્રથમ | હિરલ ખત્રી | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | ઉજાલા શાહ | ( મેઘનાદ ) |
| તૃતીય | ફોરમ જાદવ | ( ધવલગિરિ ) |
| | મૌલિ જોષી | ( ગંગોત્રી ) |

**હિન્દી વકતૃત્વ સ્પર્ધા :** તા.૧૮-૯-૨૦૦૦

| | | |
|---|---|---|
| પ્રથમ | હર્ષ દેસાઈ | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | મૌલિ જોષી | ( ગંગોત્રી ) |
| તૃતીય | મિહિર રાવલ | ( ધવલગિરિ ) |
| | વૈશલ દલાલ | ( રત્નદીપ ) |
| | પક્ષમન દવે | ( મેઘનાદ ) |

**આરતી સ્પર્ધા :** તા.૨૮-૯-૨૦૦૦

| | | |
|---|---|---|
| પ્રથમ | મિતિશા વૈદ્ય | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | આત્મન્ ફોજદાર | ( ધવલગિરિ ) |
| | હાર્દ શાહ | ( ધવલગિરિ ) |
| | મંથન શાહ | ( રત્નદીપ ) |
| તૃતીય | દર્શિની ત્રિવેદી | ( રત્નદીપ ) |
| | રિધ્ધિ ખત્રી | ( ધવલગિરિ ) |
| | શૈલી શાહ | ( ગંગોત્રી ) |

**અતિવૃષ્ટિ અંક સ્પર્ધા :** તા.૧-૮-૨૦૦૦

| | |
|---|---|
| પ્રથમ | પલક બૂચ |
| દ્વિતીય | નમ્રતા ચાવડા |
| તૃતીય | પંક્તિ રાવલ |

## વિનયમંદિર

તા.૧૮-૮-૨૦૦૦ના રોજ આંતર શાળાકીય વોલીબોલ સ્પર્ધામાં શાળાની ધોરણ ૯ ની વિદ્યાર્થિની બેનોએ ફાઈનલમાં જીત મેળવી હતી.

તા.૧૮-૮-૨૦૦૦નાં રોજ શાળામાં ધોરણ ૯ નાં વિદ્યાર્થીઓ માટે યોજાયેલ General Knowledge Quiz Competition માં ધો.૯ ક નો વર્ગ વિજેતા નિવડયો હતો.

**આંતરગૃહ સ્પર્ધા :**

**ગુજરાતી સુલેખન :** તા. ૨-૮-૨૦૦૦

| | | |
|---|---|---|
| પ્રથમ | હીરલ શાહ | ( મેઘદૂત ) |
| | પલક શાહ | ( ચંદ્રમૌલિ ) |
| દ્વિતીય | કેતવ લાખિયા | ( ગીતગોવિંદ ) |
| | સંકેત જોષી | ( પદ્મપુકુર ) |
| તૃતીય | નિધિ શાહ | ( પદ્મપુકુર ) |
| | રીમા જોષી | ( પદ્મપુકુર ) |

**અંગ્રેજી સુલેખન સ્પર્ધા :** તા.૪-૮-૨૦૦૦

| | | |
|---|---|---|
| પ્રથમ | પૂજા ભટ્ટ | ( ગીતગોવિંદ ) |
| દ્વિતીય | પલક શાહ | ( ચંદ્રમૌલિ ) |
| | પાતંજલ વ્યાસ | ( ગીતગોવિંદ ) |
| તૃતીય | કિંશુક હીરપરા | ( ચંદ્રમૌલિ ) |
| | નીલી સુરતવાલા | ( ગીતગોવિંદ ) |

**હિંદી સુલેખન સ્પર્ધા :** તા.૫-૮-૨૦૦૦

| | | |
|---|---|---|
| પ્રથમ | હીરલ શાહ | ( મેઘદૂત ) |
| દ્વિતીય | ઋતુલ જોષી | ( ચંદ્રમૌલિ ) |
| | પૂજા ભટ્ટ | ( ગીતગોવિંદ ) |
| તૃતીય | આનલ શાહ | ( ચંદ્રમૌલિ ) |
| | પાતંજલ વ્યાસ | ( ગીતગોવિંદ ) |

**ચર્ચા સ્પર્ધા :** તા.૪-૮-૨૦૦૦

| | | |
|---|---|---|
| પ્રથમ | ગીત શાહ | ( ચંદ્રમૌલિ ) |
| દ્વિતીય | નીરાલી ફોજદાર | ( ચંદ્રમૌલિ ) |
| | શૈલ શેઠ | ( ગીતગોવિંદ ) |
| તૃતીય | હીરલ શાહ | ( મેઘદૂત ) |
| | પૂજા દલાલ | ( ગીતગોવિંદ ) |

**અભિનંદન કાર્ડ સ્પર્ધા :** તા.૧૧-૧૦-૨૦૦૦

| | | |
|---|---|---|
| પ્રથમ | શચી અમીન | ( ચંદ્રમૌલિ ) |
| દ્વિતીય | ચિનાર શાહ | ( મેઘદુત ) |
| | ખ્યાતિ ચુડાસમા | ( પદ્મપુકુર ) |
| તૃતીય | રાજવી શાહ | ( ચંદ્રમૌલિ ) |
| | પ્રતિક શાહ | ( પદ્મપુકુર ) |

**સૂચનાઃ** ઘણાં વખતથી પરીક્ષા અગાઉ વિદ્યાર્થીઓ શાળામાં ગેરહાજર રહે છે આની ગંભીર નોંધ લેવામાં આવી છે આંતરિક ગુણની અંદર આ ગેરહાજરીને કારણે ગુણની કપાત કરવામાં આવશે તેની ખાસ નોંધ વાલીઓ લે. ગેરહાજર રહેનાર વિદ્યાર્થી જ્યારે શાળામાં આવે ત્યારે ગેરહાજર રહેવાનું કારણ વાલી જણાવે તે ખાસ જરૂરી છે. આવી ગેરહાજરી ગંભીર અશિસ્ત છે. **નવા સત્રથી શિશુમંદિર વિભાગમાં શાળાનો સમય ૧૧-૦૦ થી ૫-૦૦ નો રહેશે.**

### સંસ્થાનું ગૌરવ

ચેસ : ચિ. અનૂરી શાહે લખનૌ ખાતે યોજાયેલ ઓપન ઈન્ટરનેશનલ ફીડે, રેટિંગ ટુર્નામેન્ટમાં ભાગ લીધો. તેણે ૧૧ વર્ષની ઉંમરે ૨૧૬૪ પોઈન્ટનો સ્કોર કરી સમગ્ર ગુજરાત ખાતેની ૨૨ વર્ષની એક જ મહિલા ખેલાડી અર્પી શાહના ૨૦૬૬પોઈન્ટનું લક્ષ્ય વટાવી દીધું છે. અને હવે તે આટલું ઊંચું રેટિંગ ધરાવતી ગુજરાતની પ્રથમ મહિલા છે. હવે જાન્યુઆરી ૨૦૦૧નાં બુલેટીનમાં તેનું નામ પ્રસિધ્ધ થશે. સંસ્થા તે માટે ગૌરવ અનુભવે છે.

## અભિનંદન

**નિબંધ સ્પર્ધા :** અખિલ હિંદ મહિલા પરિષદ એલીસબ્રીજ શાખાના ઉપક્રમે યોજાયેલ આંતરસ્કુલ નિબંધ સ્પર્ધામાં શાળાનાં નીચેના વિદ્યાર્થીઓ ઈનામો મેળવે છે. ધો. ૫ પ્રથમ ઈનામ જાનકી ગોરજી,
ધો. ૬ પ્રથમ ઈનામ કક્ષા શાહ, દ્વિતીય ઈનામ વત્સલ જાની , ધો. ૭ પ્રથમ ઈનામ આનંદ પટેલ, દ્વિતીય ઈનામ મિહિર રાવલ

**ચિત્ર :** શંકર્સ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ્ કોમ્પીટીશન તરફથી યોજાતી આંતરરાષ્ટ્રીય ચિત્ર સ્પર્ધામાં ચિ. કિર્તન ટંકશાળીને રજતચંદ્રક મેળવવા બદલ અભિનંદન.

ભારતીય જીવન વીમા નિગમ તરફથી યોજાયેલ તત્કાલ ચિત્ર સ્પર્ધામાં ચિ. શૈલજા શાહને તૃતીય ઈનામ મળ્યું છે.

ટ્રાયકા મિલેનીયમ સ્કોલરશીપ પ્રોગ્રામમાં ચિ. હર્ષિલ છપ્પનને, ચિ. ધ્રુવી મહેતાને મેરીટ સર્ટીફીકેટ મળ્યાં છે.

યંગ એન્વોયઝ ઈન્ટરનેશનલ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ. હર્ષિલ છપ્પન, ચિ. રાજ શાહ, ચિ. યશ શાહ, ચિ. શ્લોક રાવલને ડિપ્લોમા ઓફ ઓનર મળ્યાં છે.

**ચેસઃ** Ahmedabad Chess Accdemy આયોજીત ચેસ સ્પર્ધામાં ચિ. નમ્ર પંડયા તથા ચિ. મહર્ષિ થુલાએ પાંચમું ઈનામ મેળવ્યું છે.

તા.૧૪-૧૦-૨૦૦૦ના રોજ રમાયેલ Inter-School Info Chess Trophy માં જીલેશ ગાંધી , નીરવ પારેખ , સાગર પારેખ અને ગીત શાહની ટીમ ત્રીજી આવી છે. જીલેશ ગાંધીને પ્રથમ બોર્ડ પ્રાઈઝ મળ્યું છે.

**તરણ સ્પર્ધા :** ગુજરાત સ્પોર્ટિંગ કલબ આયોજીત ગુજરાત વિદ્યાપીઠ ખાતે યોજાયેલ તરણ સ્પર્ધામાં ચિ. કુશાન મહેતાએ મ્યુઝીકલ રીંગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

**સ્કેટીંગ :** રાજપથ કલબ આયોજીત સ્કેટીંગ કોમ્પીટીશનમાં ચિ. હર્ષિલ છપ્પને પ્રથમ ઈનામ મેળવ્યું છે.

રાજપથ કલબ આયોજીત ફેન્સી ડ્રેસ સ્પર્ધામાં પણ ચિ. હર્ષિલ છપ્પનને પ્રથમ ઈનામ મળ્યું છે.

**કરાટે :** Yoga & Martial Arts Acadamy of India તરફથી ચિ. રાજદીપ દેસાઈને યલો બેલ્ટ મળ્યો છે.

Arjun School of Martial Arts -India તરફથી ચિ. રવિ નાગોરીને ગ્રીન I અને II બેલ્ટ, ચિ. શુભમ્ બક્ષીને વ્હાઈટ I, ચિ. હાર્દ શાહને બ્રાઉન I અને ચિ. અચ્યુત પંચાલને વ્હાઈટ II અને યલો I બેલ્ટ મળ્યા છે.

**હોકીઃ** દાહોદ ખાતે રમાયેલ ગુજરાત રાજ્ય શાળાકીય હોકી ટુર્નામેન્ટમાં ચિ. ઋત્વી ત્રિવેદીએ ૨૨ ગોલ કરીને તેમની ટીમને વડોદરા સામે રમાયેલી અંતિમ મેચમાં ઝળહળતો વિજય અપાવ્યો હતો.

**પ્રખરતા શોધ :** ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી ધો. ૮ અને ૯ માટે યોજાયેલ પરીક્ષામાં ઈનામ મેળવતા વિદ્યાર્થીઓ

| રાજય કક્ષા : ધો.૮ | વિષય | ઈનામ | રકમ |
|---|---|---|---|
| ગીત મયૂરભાઈ શાહ | ગણિત | સાતમું | રૂ.૩૦૦ |
| પાતંજલ દિગંતભાઈ વ્યાસ | અંગ્રેજી | પ્રથમ | રૂ.૬૦૦ |
| પૂજા ગૌરાંગભાઈ ભટ્ટ | અંગ્રેજી | પાંચમું | રૂ.૪૦૦ |
| હર્ષિલ અતુલભાઈ નવાબ | ગુજરાતી | દસમું | રૂ.૧૫૦ |
| ધો.૯ | | | |
| ખુશાલી રમેશભાઈ શાહ | વિજ્ઞાન | સાતમું | રૂ.૩૦૦ |
| કૃપા પંકજભાઈ વ્યાસ | સમાજશાસ્ત્ર | નવમું | રૂ.૨૦૦ |
| પૂજન અશોકભાઈ ગોરજી | અંગ્રેજી | પ્રથમ | રૂ.૬૦૦ |
| ધ્રુવિલ રમેશભાઈ દોશી | અંગ્રેજી | છઠ્ઠું | રૂ.૩૫૦ |
| સુજલ જયંતિભાઈ મયાત્રા | ગુજરાતી | ચોથું | રૂ.૪૫૦ |
| દ્રુપદ ઉમાકાન્ત પરીખ | ગુજરાતી | પાંચમું | રૂ.૪૦૦ |

તંત્રી , મુદ્રક, પ્રકાશકઃ **દિનુભાઈ દવે**, આચાર્ય અને નિયામક,
શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL: shaarad@satyam.net.in